

ગાંધીવાદી જર્મન અગ્રણી પીટર રયુહેને માજી શ્રમમંત્રી શ્રી નસુખભાઇ જોષી દ્વારા 'શબ્દરંગ'નો "મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર" ર્પણ થયો તે પ્રસંગની તસ્વીરમાં મેયર શ્રી વજુભાઇ વાળા, પુરૂષોત્તમભાઇ ગાંધી તેમજ અન્ય ઉપસ્થિત મહાનુભાવો તેમજ બીજી તસ્વીરમાં ઇનામ વિતરણ સમારંભમાં ઉપસ્થિત નિમંત્રિતો તેમજ વિદ્યાર્થી સમુદાય દર્શાય છે.

# ગાંધીવાદી વિચારક પીટર રયુહેને મહાત્મા ગાંધી પુરસ્કાર અર્પણ

રાજકોટ તા. ૨૨ : શ્રી સંસ્કાર શિક્ષણ સેવા ટ્રસ્ટ પ્રેરિત 'શબ્દરંગ'નો તંબોલી પ્લાયવુડના 'સૌજન્યથી 'મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર' અંત્રે એક જાહેર સમારંભમાં ગાંધીવાદી જર્મન પીટર રયુહેને અર્પણ કરતાં માજી શ્રમમંત્રી શ્રી મનસુખભાઇ જોશીએ જણાવ્યું હતું કે, "બર્લીનનિવાસી પીટર ચિત્ર સ્પર્ધા દ્વારા બાળકોને ગાંધીજી વિશે જાણવા પ્રેરી રહ્યા છે અને વર્તમાન પરિસ્થિતિમાં વિશ્વપ્રેમ અને શાંતિ સ્થાપવા કાજે આવી પ્રવૃત્તિ પ્રોત્સાહન આપવા પાત્ર છે."

રાજકોટ મ્યુ. કોર્પો.ના મેયરશ્રી વજુભાઇ વાળાએ ગાંધીજીને વર્તમાન પ્રવાહમાં ઓળખવા-મૂલવવા તેમ જ આવી સરસ રચનાત્મક પ્રવૃત્તિમાં હોંશભેર જોડાવા વિદ્યાર્થીઓને અપીલ કરી હતી.

વયોવૃદ્ધ સ્વાતંત્ર્ય સેનાની શ્રી પ્રભુદાસભાઇ ગાંધીના હસ્તે શ્રી પીટરને સન્માનપત્ર અર્પણ કરાયું હતું. જયારે શ્રીમતી કીર્તિદા ચંચલે સન્માનપત્રનું વાંચન કર્યું હતું.

જૈન સોશ્યલ ગ્રુપના અગ્રણી શ્રી હરસુખભાઇ તંબોલીએ શ્રી પીટરને સ્મૃતિચિહન અર્પણ કરેલ. નાગરિક સન્માન સમિતિના કન્વીનર શ્રી ગુણવંત ડેલાવાળાએ શ્રી પીટરને અભિનંદન પાઠવ્યા હતા. –

શ્રી પુરૂષોત્તમભાઇ ગાંધીના પ્રમુખસ્થાને યોજાયેલ આ સમારંભમાં અતિથિવિશેષપદેથી સર્વશ્રી પ્રમોદભાઇ કલ્યાણી તથા પ્રદ્યુમન જોષીપુરાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રવીણભાઇ ચૌહાણે કર્યું હતું. શ્રી યોગેશભાઇ ગોડાએ આભારદર્શન કર્યું હતું જયારે શબ્દરંગના મંત્રી શ્રી અશોક ચંચલે કાર્યક્રમનું સંયોજન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી આભાબેન ગાંધી તથા શ્રી પીટર રયુહેના હસ્તે "ગાંધી મારી નજરે" ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ઇનામ વિતરણ કર્યું હતું. વિદ્યાર્થીઓ તેમ જ નિમંત્રિતોએ ઇનામ વિતરણ તથા પુરસ્કાર અર્પણના આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.